- રાષ્ટ્રીય સ્તરે માનનીય પ્રધાનમંત્રી શ્રી  નરેન્દ્રભાઇ મોદીની સરકાર અને રાજ્ય સ્તરે માનનીય મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઇ પટેલની સરકાર.  આ ડબલ એન્જિન સરકારની વાત આવે અને આજે મહિલા અને બાળવિકાસની વાત આવે ત્યારે જરૂરત કરતાં વધુ આપવું એ આ સરકારનો સ્વભાવ અને પરંપરા છે.
- ઈસપની એક વાર્તા મને યાદ આવે છે.  બહુ માર્મિક છે. બન્યું એવું કે, જંગલમાં એક સસલાએ પહેલી જ વાર કાનખજુરાને જોયો.

  આટલા બધા પગવાળું નાનકડું જાનવર જોઈને એને ખુબ આશ્ચર્ય થયું.

  એનું તાર્કિક મન મૂંઝવણમાં પડયું, મનમાં અનેક પ્રશ્નો થવા માંડયા.

  આટલું નાનકડું પ્રાણી આટલા બધા પગને મેનેજ કેવી રીતે કરતુ હશે ?!

  પહેલા કયો પગ ઉઠાવતું હશે ?!  કયા પગ પછી કયો પગ ઉઠવો જોઈએ ?

  કયા પગ ઉઠયા અને કયા ઉઠવાના બાકી છે તેનો હિસાબ કેવીરીતે રાખતું હશે ? વગેરે.

  સસલું તો પહોંચી ગયું કાનખજૂરા પાસે અને બધા પ્રશ્નો એકીશ્વાસે પૂછી નાખ્યા.

  કાનખજુરો વિચારમાં પડી ગયો, એણે કદી આ વિષે વિચાર્યું ન હતું.

  પોતે આ દિશામાં વિચારીને કહેશે એમ કહીને પગની બાબતમાં વિચારતા વિચારતા એ આગળ વધ્યું.

  કયા પગ પહેલા ઉઠે છે, કેવી રીતે ઉઠે છે વગેરે વિચારોમાં કાનખજુરો જિંદગીમાં પહેલીવાર અડબડીયા ખાઈ ગયો.

  જેમ ચાલતો ગયો તેમ ગોથા ખાતો ગયો.

  જીવનમાં પહેલીવાર ચાલવું એ એની સમસ્યા બની ગઈ. તરત એ સસલા પાસે પહોંચી ગયો અને કહ્યું, 'ભાઈ મને માફ કરો, હું તમારા પ્રશ્નોનો જવાબ નહીં આપી શકું.

મારું ચાલવું કે મારી લય પાછળ કોઈ તર્ક-લોજીક નથી, મારી એ ક્રિયા સહજતાથી થતી જ રહે છે. તે નકામો તર્ક ઉભો કરીને મારી સહજતામાં અડચણ પેદાકરી દીધી.

અહીંથી ભવિષ્યમાં પણ બીજા કાનખજૂરા પસાર થશે, મહેરબાની કરીને એમને આવા પ્રશ્નો પૂછીને વિચલિત ના કરી મુકતો.'

- આ તો એક રૂપક છે. કોણ કાનખજૂરો અને કોણ સસલું એ કહેવા નથી માંગતી. પરંતુ આ વાતનો સાર જે આપણી સરકારને લાગુ પડે છે તેની વાત કરવી છે.
- બધાં જ ક્ષેત્રોનો સર્વાંગી વિકાસ એ આ સરકારનો કુદરતી લય છે. સ્વાભાવિક પ્રકૃતિ છે. આદરણીય નરેન્દ્રભાઈએ જે કેડી કંડારી છે એ કેડી પર ભારતીય જનતા પક્ષોની સરકાર ચાલી છે અને સહજતાથી વિકાસ સાધ્યો છે. તેમાં મહિલા અને બાળવિકાસના ક્ષેત્ર પણ મહત્વની સિધ્ધિઓ હાંસલ કરી છે.
- આ સરકારે કેટલું કેટલું આપ્યું છે. તેની યાદી તો ઘણી મોટી છે. મહિલાઓને સશક્ત કરવા માટે, બાળકોનું ભવિષ્ય ઉજ્જવળ બને તે માટે આ સરકારે ઘણું કર્યું છે, કરી રહી છે અને કરવાની છે. તેની ઝલક પણ નેત્રદિપક છે. ગુજરાતની અને દેશની જનતાએ પોતાનું ભવિષ્ય યોગ્ય હાથોમાં સોંપ્યું છે તેની પ્રતીતિ થાય છે.

માનનીય નરેન્દ્રભાઈની સરકાર હતી અને આજે ભુપેન્દ્રભાઇની સરકાર છે – નીતિ અને નિયત એક જ છે. લોકકલ્યાણની નીતિઓ અને એ છેવાડાના માનવી સુધી પહોંચે તેવી નિયત ખરેખર વંદનીય છે. આ સરકારની સુશાસકીય પ્રણાલી વંદનીય છે. અભિનંદનીય છે.

આ સરકાર કાયમ મિશન મોડમાં જ કામ કરે છે. સમાજના તમામ વર્ગોના લોકોને તેમનાં કલ્યાણની પ્રતીતિ થાય. સરકાર અને સરકારમાં બેઠેલા સહુના હૈયે કવિ કરસનદાસ માણેકની એ પ્રાર્થના જેવી સુખ્યાત રચના રમતી હોય તેવું લાગે છે.

**જીવન અંજલિ થાજો,મારું જીવન અંજલિ થાજો!**
**ભૂખ્યાં કાજે ભોજન બનજો,તરસ્યાંનું જળ થાજો,**
**દીનદુ:ખિયાંનાં આંસુ લો'તાં અંતર કદી ન ધરાજો;**
**મારું જીવન અંજલિ થાજો !**

આવી પ્રાર્થના ભગવાને સાંભળી છે. અને જે સ્ત્રી સશક્તિકરણ તેમજ બાળ વિકાસની જે યોજનાઓની પ્રેરણા મળી છે.  સરકાર દ્વારા જે યોજનાઓ અમલમાં મૂકવામાં આવી તેની વાત કરૂં તો..

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં દેશમાં મહિલા સશક્તિકરણનો નવો અધ્યાય શરૂ થયો છે. આજે દેશની દીકરીઓ ફાઇટર જેટ ઉડાડી રહી છે અને સેનામાં પરમેનન્ટ ભરતી થઈને દેશની સીમાઓ સુરક્ષિત કરી રહી છે. કેન્દ્રમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી અને રાજ્યમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ડબલ એન્જિનવાળી સરકાર લોકોના સપના સાકાર કરી રહી છે. મહિલાઓના સશક્તિકરણ માટે ગુજરાત સરકારે જેન્ડર બજેટ તૈયાર કરી 891 જેટલી મહિલાલક્ષી યોજનાઓ કાર્યાન્વિત કરી છે, કુલ 178 જેટલી માત્રને માત્ર મહિલાલક્ષી યોજનાઓ અમલમાં મુકવામાં આવી  છે. આ યોજનાઓના અમલ માટે રૂ. 89,337.10 કરોડની જોગવાઇ કરવામાં આવી છે.  આજે રાજ્યમાં 52% મહિલાઓને સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં પ્રતિનિધિત્વ મળ્યું છે.

- રાજ્યમાં 14.41 લાખથી વધુ સુકન્યા સમૃદ્ધિ ખાતા ખોલવામાં આવ્યા છે જેમાં રૂ. 5 કરોડ 55 લાખ જેટલી રકમ જમા કરવામાં આવી છે.
- 36 લાખ મહિલાઓને "પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના" હેઠળ ગેસના કનેક્શન.
- મહિલાઓનું માતૃત્વ સુખમય બની રહે તે માટે દેશની મહિલાઓને મળી 6 મહિનાની પગાર સાથેની મેટરનિટી લિવ.
- રાજ્યની ગર્ભવતી અને ધાત્રી માતાઓને 1 હજાર દિવસ સુધી વિના મૂલ્યે એક કિલો તુવેર દાળ, બે કિલો ચણા અને એક લીટર ખાધતેલ પ્રતિ માસ આપવામાં આવી રહ્યું છે. રાજ્ય સરકારે આ વર્ષે રૂ. 800 કરોડની ફાળવણી કરી છે.
- મિશન ઇન્દ્રધનુષના 11 ફેઝનું સફળ આયોજન કરવામાં આવ્યું છે.
- રાજ્યના કુલ 8,80,804 બાળકો અને 2,05,859 સગર્ભા મહિલાઓને વધારાના 1,94,003 રસીકરણ/મમતા સેશનનું આયોજન કરી રસીકરણ સેવાઓ અંતર્ગત આવરી લેવામાં આવી છે.

- આ યોજનાઓએ મારી બહેનોમાં આશાનો સંચાર કર્યો છે.

- મારી બહેનોને ઉજ્જવળ ભવિષ્યની દિશા મળી છે એટલુંજ નહીં એ દિશામાં પ્રસ્થાન કરી ચૂકી છે.

મહિલાઓમાં જોમ અને જુસ્સો જગાડયાં છે. .

- આજે ગુજરાતનાં પ્રત્યેક નાગરિકને ડબલ એન્જિન સરકાર પોતાની બાજુમાં બેઠી હોય તેવી હૂંફનો અહેસાસ થઈ રહ્યો છે.
- ગુજરાતનાં પ્રત્યેક નાગરિકને આ સરકાર પોતાની સરકાર હોવાનો અનુભવ થઈ રહ્યો છે.
- મહિલા અને બાળવિકાસ. દરેક પરિવારોનાં જીવનને સીધી રીતે સ્પર્શતી બાબત છે. આદરણીય પ્રધાનમંત્રી આપણાં મુખ્યમંત્રી હતા ત્યારથી તેમણે જે માર્ગ પ્રશસ્ત કરેલો તે માર્ગ પર ચાલીને આપણી આ સરકારે મહિલા અને બાળવિકાસ ક્ષેત્રમાં ક્રાંતિકારી કદમો ઉઠાવ્યાં છે.
- અનુભવો અને આધુનિક ટેકનોલોજીના સમન્વય સાધીને જનસુખાકારીનું અભિયાન ચલાવ્યું છે. મહિલા સશક્તિકરણ માટેનાં દ્વાર ખૂલ્યાં છે.
- ગુજરાતની આજ તો ઊજળી છે જ પણ ભવિષ્ય વધુને વધુ પ્રકાશિત અને વિશ્વને આંજી દેનારૂં હશે તેવું કહેવામાં જરાયે અતિશયોક્તિ નથી.

અધ્યક્ષજી, લોકશાહીના આ મંદિરમાં મને વાણીરૂપી પુષ્પથી પૂજા કરવાની વધુ એક તક આપી તે માટે આભાર. અંતમાં કવિ ભાવેશ પાઠકના શબ્દોમાં એટલું જ કહીશ

**इश्क जिसे हलाल करता है,**
**आदमी वो कमाल करता है !**

**આ સરકારને ગુજરાત અને ગુજરાતની જનતા સાથે ઈશ્ક છે અને એટલે કમળનાં ચિન્હ પર ચૂંટાયેલી આ સરકાર કમાલ કરી દેખાડે છે.**

**ધન્યવાદ !**